# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited

**Grade A** by NAAC

**(CGPA 3.05)**

## સિન્ડિકેટની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

## તા.૦૮/03/૨૦૧૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫

**SAUROSHTRA UNIVERSITY**

ત્રાસવાદીઓ દ્વારા થયેલ હુમલા સંદર્ભે ભારતીય લશ્કર દ્વારા કરવામાં આવેલ એર સર્જિકલ સ્ટ્રાઈક માટે ભારતીય લશ્કર તથા ભારત સરકારશ્રીની શૌર્યતાને સિન્ડિકેટ દ્વારા બિરદાવવામાં આવેલ.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવનિયુક્ત કુલપતિશ્રી ડો. નીતીનભાઈ પેથાણી તથા ઉપકુલપતિશ્રી ડો. વિજયભાઈ દેસાણીને સિન્ડીકેટની પ્રથમ બેઠકમાં આવકારવામાં આવેલ તેમજ નિયુક્ત બદલ અભિનંદન પાઠવવામાં આવેલ.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રી તથા પૂર્વ કુલપતિશ્રી ડો. પ્રતાપસિંહ ચૌહાણની શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાનાં કુલપતિ પદે નિયુક્તિ થતા ડો. પ્રતાપસિંહ ચૌહાણને સિન્ડિકેટ તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ.

૧ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૧૧/૦૧/૨૦૧૯ની મીનીટ્સ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૧૧/૦૧/૨૦૧૯ની મીનીટ્સ મંજૂર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.**

૨ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૧૧/૦૧/૨૦૧૯ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૧૧/૦૧/૨૦૧૯ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવી.**

**(નોંધ : કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૧" તરીકે આ સાથે સામેલ છે.)**

૩ મહેકમ-અ — યુનિવર્સિટીનાં જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે/સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત એસોસિએટ/ આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે નીચે દર્શાવેલ વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | અનુસ્નાતક ભવનનું નામ | બજેટ હેડ | જગ્યા | વરણી સમિતિની તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | બાયોકેમેસ્ટ્રી ભવન | સેલ્ફ ફાયનાન્સ | ૦૨ | તા.૨૧/૦૧/૨૦૧૯ | સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | ફાર્માસ્યુટિકલ્સ સાયન્સ ભવન | સેલ્ફ ફાયનાન્સ | ૦૧ | તા.૦૪/૦૨/૨૦૧૯ | સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |
| ૩ | ડૉ. બાબા સાહેબ આંબેડકર ચેર સેન્ટર | ગ્રાન્ટ ઈન એઈડ | ૦૨ | તા.૦૬/૦૨/૨૦૧૯ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૪ | નેનો સાયન્સ એન્ડ એડવાન્સ મટીરીયલ્સ ભવન | ગ્રાન્ટ ઈન એઈડ | ૦૧ | તા.૨૨/૦૨/૨૦૧૯ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે, સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત એસોસિએટ/આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે ઉપર દર્શાવેલ વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ ધ્યાને લઈ નીચે મુજબ નિમણુંક આપવી.
બાયોકેમેસ્ટ્રી ભવનમાં (૧) ડૉ. દિશા ચાંગેલા અને (૨) કૃતિ ડાંગર, ફાર્માસ્યુટિકલ્સ સાયન્સ ભવનમાં **ડૉ.**વૈભવ ભટ્ટ (એસો.પ્રોફેસર), ડૉ. બાબા સાહેબ આંબેડકર ચેર સેન્ટરમાં **(૧) ડૉ.** જીતેશ એ. સાંખટ અને (૨) ડૉ. આર.બી.સોલંકી અને નેનો સાયન્સ એન્ડ એડવાન્સ મટીરીયલ્સ ભવનમાં હાર્દિકા પી. ગૌસ્વામીને નિમણૂંક આપવી.

**(નોંધ:- વરણી સમિતિની ભલામણ સભા સમયે રજૂ કરવામાં આવેલ.)**

૪ મહેકમ-અ — યુનિવર્સિટીનાં ફાર્માસ્યુટિકલ્સ સાયન્સ અનુસ્નાતક ભવનમાં સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર (મેનેજમેન્ટ) ની જગ્યા ભરવા માટે નીચે દર્શાવેલ વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | અનુસ્નાતક ભવનનું નામ | બજેટ હેડ | જગ્યા | વરણી સમિતિની તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ફાર્માસ્યુટિકલ્સ સાયન્સ ભવન | સેલ્ફ ફાયનાન્સ | ૦૧ | તા.૦૫/03/૨૦૧૯ | સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં ફાર્માસ્યુટિકલ્સ સાયન્સ અનુસ્નાતક ભવનમાં સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર**

**(મેનેજમેન્ટ) ની જગ્યા ભરવા માટે ઉપર દર્શાવેલ વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ મુજબ ધવલ મયુરકુમાર વ્યાસને નિમણૂંક આપવી.**

**(નોંધ:- વરણી સમિતિની ભલામણ સભા સમયે રજૂ કરવામાં આવેલ.)**

૫
મહેકમ-અ

સુનીતાબેન મોહનલાલ પીયજાની નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ ૬૩૮૨/૨૦૧૭ પ્રત્યે નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૧૭/૦૧/૨૦૧૯ નાં ચુકાદાનો અમલ કરવા તથા આ સંદર્ભમાં યુનિવર્સિટી એડવોકેટ શ્રી અવિનાશ આર. ઠક્કરનાં તા.૦૧/૦૩/૨૦૧૯ના લીગલ અભિપ્રાય પરત્વે વિચારણા થવા બાબત.

(નોંધ:- ઇતિહાસ અનુસ્નાતક ભવનની આસીસ્ટન્ટ પ્રોફેસર (S.C) ની જગ્યા માટેના ઇન્ટરવ્યું વખતે પસંદગી સમિતિ દ્વારા પસંદગી પ્રક્રિયા દરમ્યાન ઓર્ડીનન્સ ૨૦૫ અન્વયે યુનિવર્સિટી દ્વારા નિયમ થયેલ માર્કિંગ સ્કીમ મુજબ શૈક્ષણિક લાયકાતના નિયત થયેલા ધોરણ અનુસાર મળવા પાત્ર ગુણ કરતા શ્રી સાંખટ જીતેશકુમાર એભાભાઇ ને શરત ચૂકથી વધુ ગુણ મુકવામાં આવેલ જે ધ્યાને લેતા જે તે સમયે યુનિવર્સિટીનાં એડવોકેટ શ્રી અવિનાશ આર. ઠક્કરનો લીગલ અભિપ્રાય મેળવતા શ્રી સાંખટની ઇતિહાસ અનુસ્નાતક ભવનની આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા પરની નિમણુંક રદ કરવામાં આવેલ તેઓના અભિપ્રાય મુજબ તેઓને એક માસનો નોટીસ પે આપી તા.૦૮/૦૨/૨૦૧૭ નાં રોજ કાર્યાલય સમય બાદ છુટ્ટા કરવામાં આવેલ.

ડૉ. સુનીતા એમ. પીયજાએ શ્રી સાંખટની નિમણુંક રદ થતા તેઓ મેરીટમાં પ્રથમ આવતા હોય તેઓને ઇતિહાસ અનુસ્નાતક ભવનની આસીસ્ટન્ટ પ્રોફેસર (S.C) ની જગ્યા પર નિમણુંક આપવા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સી.એ નંબર ૬૩૮૨/૨૦૧૭ થી દાદ માંગતા માન. ગુજરાત હાઈકોર્ટે તેમના તા.૧૭/૦૧/૨૦૧૯ના ચુકાદા સંદર્ભમાં યુનિવર્સિટીનાં એડવોકેટ શ્રી અવિનાશ આર. ઠક્કર તરફથી તા.૦૧/૦૩/૨૦૧૯નાં રોજ મળેલ લીગલ અભિપ્રાય મળેલ છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટનાં તા.૧૭/૦૧/૨૦૧૯ નાં ચુકાદા તથા આ સંદર્ભમાં યુનિવર્સિટી એડવોકેટ શ્રી અવિનાશ આર. ઠક્કરનો અભિપ્રાય ધ્યાને લઈ નિર્ણય લેવાનો રહે.)

**આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. સુનીતા એમ. પીયજાએ શ્રી સાંખટ જીતેશકુમાર એભાભાઇની નિમણુંક રદ થતા તેઓ મેરીટમાં પ્રથમ આવતા હોય તેઓને ઇતિહાસ અનુસ્નાતક ભવનની આસીસ્ટન્ટ પ્રોફેસર (S.C) ની જગ્યા પર નિમણુંક આપવા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સી.એ નંબર ૬૩૮૨/૨૦૧૭ થી દાદ માંગતા નામદાર ગુજરાત હાઈકોર્ટે નિમણુંક આપવા સિન્ડિકેટને આદેશ આપેલ. તે પરત્વે શ્રી જીતેશ સાંખટે**

નામ.ગુજરાત હાઇકોર્ટમાંથી સ્ટે મેળવતા આ બાબતની સિન્ડિકેટ દ્વારા નોંધ લેવામાં આવેલ.

(નોંધ: ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૨" તરીકે આ સાથે સામેલ છે)

૬ મહેકમ-અ ફાર્માસ્યુટિકલ સાયન્સ અનુસ્નાતક ભવનમાં ૧૧ માસ કરાર આધારિત ૦૧ પ્રોફેસર માસિક ફિક્સ રૂ.૬૦,૦૦૦/- નાં વેતનથી, ૦૧ એસોસીએટ પ્રોફેસર માસિક ફિક્સ રૂ.૫૦,૦૦૦/-નાં વેતનથી તથા ૧૯ આસીસ્ટન્ટ પ્રોફેસર માસિક ફિક્સ રૂ.૪૦,૦૦૦/-નાં વેતનથી ભરવા અંગે ભવનના વડાના તા.૨૨/૦૨/૨૦૧૯ના પત્ર પરત્વે વિચારણા થવા બાબત.

(નોંધ:- ફાર્માસ્યુટિકલ સાયન્સ અનુસ્નાતક ભવનમાં હાલમાં ૧૧ માસ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકોની મુદત માર્ચ માસમાં પૂર્ણ થાય છે. જેથી શૈક્ષણિક કાર્યમાં વિક્ષેપ પડે તેમ છે તથા ભવનમાં ફાર્મસી કાઉન્સિલ ઓફ ઇન્ડીયાનું ઇન્સ્પેકશન પણ આવવાનું હોય, તથા ફાર્મસી કાઉન્સિલના નિયમ મુજબ ભવનમાં ૩૦ અધ્યાપકોનું સંખ્યાબળ જરૂરી છે જેની સામે હાલમાં કુલ ૨૧ કરાર આધારિત અધ્યાપકોની નિમણુંક માહિતી ખાતા મારફતે જાહેરાત આપી ઇન્ટરવ્યું પ્રોસીજર કરી ભરવાની રહે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે ફાર્માસ્યુટિકલ સાયન્સ અનુસ્નાતક ભવનમાં ૧૧ માસ કરાર આધારિત ૦૧ પ્રોફેસર માસિક ફિક્સ રૂ.૬૦,૦૦૦/- નાં વેતનથી, ૦૧ એસોસીએટ પ્રોફેસર માસિક ફિક્સ રૂ.૫૦,૦૦૦/-નાં વેતનથી તથા ૧૯ આસીસ્ટન્ટ પ્રોફેસર માસિક ફિક્સ રૂ.૨૫,૦૦૦/-નાં માસિક વેતનથી ભરતી પ્રક્રિયા કરવા બહોળી પ્રસિદ્ધિ ધરાવતા ગુજરાતી/અંગ્રેજી વર્તમાનપત્રોમાં જાહેરાત આપી ઈન્ટરવ્યુ કાર્યવાહી કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત વેતન ખર્ચ સેલ્ફ ફાઈનાન્સ બજેટ સદરે પાડવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ફાર્માસ્યુટિકલ સાયન્સ અનુસ્નાતક ભવનમાં હાલમાં ૧૧ માસ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકોની મુદ્દત માર્ચ-૨૦૧૯માં પૂર્ણ થતી હોઈ, તેઓની મુદ્દત નવી નિમણૂંક ન થાય ત્યાં સુધી અથવા ૦૩ માસ એ બેમાંથી જે ઓછું હોઈ ત્યાં સુધી લંબાવવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્થિત ભવનોમાં શૈક્ષણિક સ્ટાફની ભરતી પ્રક્રિયા માહે એપ્રિલ/મે/જુન દરમ્યાન વેકેશનના ગાળામાં પૂર્ણ કરવી.**

૭ મહેકમ-અ ડૉ. પી. એલ. ચૌહાણ, પ્રોફેસર, બિઝનેસ મેનેજમેન્ટ અનુસ્નાતક ભવનની ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનાં કુલપતિ પદે નિમણુંક થતા તા.૦૨/૦૩/૨૦૧૯ થી તા.૦૧/૦૩/૨૦૨૨ સુધીની મુદ્દત માટે તેમના બિઝનેસ મેનેજમેન્ટ અનુસ્નાતક ભવનની મૂળ જગ્યા પ્રોફેસર પરનું લીયન મંજૂર કર્યા અંગેના માન. કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા અંગે.

(નોંધ:- સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.૨૮/૦૨/૨૦૧૯ નાં જાહેરનામાં ક્રમાંક: જી.એચ./એસ.એચ./૧૯/ઈ.પી.યુ./૨૦૧૫/૧૭૩/ખ-૨ મુજબ ડૉ. પી.એલ. ચૌહાણ, પ્રોફેસર, બિઝનેસ મેનેજમેન્ટ અનુસ્નાતક ભવનની ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાના કુલપતિશ્રી તરીકે તા.૦૨/૦૩/૨૦૧૯ થી ૦૧/૦૩/૨૦૨૨ સુધીની મુદત માટે નિમણુંક થતા બિઝનેસ મેનેજમેન્ટ અનુસ્નાતક ભવનની પ્રોફેસરની મૂળ જગ્યા પર તેમનું લિયન સિન્ડીકેટની મંજુરીની અપેક્ષાએ મંજૂર કર્યાનાં માન. કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવાની રહે છે. ઓર્ડીનન્સ ૨૦૫ નાં એપેન્ડીક્સ ૬ ની કલમ ૧૨ મુજબ જ્યારે યુનિવર્સિટી નાં કોઈપણ અધ્યાપકને ગુજરાત સરકારશ્રી અથવા ભારત સરકારશ્રી અથવા સ્ટેચ્યુટરી બોડી દ્વારા કોઈ હાયર એકઝીકયુટીવ જગ્યા પર ૫ વર્ષથી વધુ નહિ, તે રીતે નિમણુંક આપવામાં આવે તો સિન્ડિકેટ આવા અધ્યાપકને તેમની મૂળ જગ્યા પર લીયન આપી શકે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માન. કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૮ મહેકમ-અ સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૧/૦૨/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક પગર/૧૦૧૮/૧૯૨/ખ થી ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના શિક્ષકોને ભારત સરકારશ્રીનાં માનવ સંસાધન વિકાસ મંત્રાલય તથા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન ન્યુ દિલ્હીની ભલામણ મુજબનાં સાતમાં પગારપંચ મુજબના પગારધોરણ મંજૂર કર્યા અંગેના ઠરાવની નોંધ લેવા બાબત તથા આ પગાર ધોરણોનો અમલ માન. કુલપતિશ્રીએ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ કર્યા અંગેનાં કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ:- સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૧/૦૨/૨૦૧૯ના ઠરાવની શરતો તથા ઠરાવનો અમલ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ માન. કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ છે તથા યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં ફરજ બજાવતા અધ્યાપકો કે જેમની છઠ્ઠા પગારપંચ મુજબની પગાર બાંધણી મંજૂર થયેલ છે તેવા અધ્યાપકોને સાતમાં પગારપંચનાં લાભ આપવા તથા હાલમાં મેન્યુઅલ પગાર બાંધણી કરવાના માન. કુલપતિશ્રી કાર્યને બહાલી આપવાની રહે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માન. કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ટૂંકા સમયગાળામાં પગારનું ચુકવણું કરવા બદલ યુનિવર્સિટીના હિસાબ, ઓડિટ વિભાગની કામગીરીને બિરદાવવી.**

| | |
|---|---|
| ૯<br>પરીક્ષા-૧ | ઉત્તરવહી સીરીયલ નંબર પ્રમાણેનાં બોક્સ જે તે કોલેજ-સેન્ટરને આપવા યુનિવર્સિટી કર્મચારીને મોકલવા તથા તે કર્મચારીને મહેનતાણા તથા ભથ્થાની રકમ મુલ્યાંકન તથા પુનઃમુલ્યાંકન (પરીક્ષા-૨) કરવા માટે ઉત્તરવહી લઈને જતા આવતા કર્મચારીને ચુંકવાવામાં આવે છે. તે જે સિન્ડિકેટ સભાના તા.૨૫/૦૬/૨૦૧૮ માં રજૂ કરવામાં આવેલ તેને તા.૨૮/૦૬/૨૦૧૮નાં રોજ રીફોર્મ્સ સમિતિએ મંજૂર થયેલ તે મુજબ પટ્ટાવાળાને એક દિવસ રૂ. ૧૫૦/- માંથી રૂ. ૩૦૦/- તથા અન્ય કર્મચારીઓને રૂ. ૨૦૦/- માંથી રૂ.૪૦૦/- વધારો કરેલ છે. તે મુજબ પરીક્ષા વિભાગના કર્મચારીઓ (પટ્ટાવાળા અને અન્ય કર્મચારીઓ) ને ઉક્ત કામે જાય તો તે મુજબ લાગુ પાડવા માન.કુલપતિશ્રીએ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ મંજૂર કરેલ છે. ઉક્ત કાર્યવાહીને બહાલી આપવા અંગે. |

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબતે માન.કુલપતિશ્રીએ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ કરેલ કાર્યને બહાલી ન આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે પરીક્ષા વિભાગના કર્મચારીઓને યુનિવર્સિટીના નિયમોનુસારનું જ ટી.એ.ડી.એ. ચૂકવવું.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે પરીક્ષા વિભાગના કર્મચારીઓને યુનિવર્સિટી દ્વારા નિયત થયેલ ટી.એ.ડી.એ. ઉપરાંત જે વધારાના મહેનતાણા/ભથ્થા મળે છે તે બંધ કરવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કર્મચારીઓને ટી.એ.ડી.એ., ભથ્થા, મહેનતાણા બાબતે જે વિસંગતતાઓ રહેલી હોઈ તે સુધારવા કમિટિની રચના કરવાની સત્તા માન.કુલપતિશ્રીને આપવી.**

| | |
|---|---|
| ૧૦<br>લીગલ | એન્ટી સેક્સ્યુઅલ હેરેસમેન્ટ સેલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના તા.૧૩/૦૨/૨૦૧૯ના અહેવાલ મુજબ ડૉ.રાકેશ અરૂણભાઈ જોષી, એસોસીએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટને તાત્કાલીક અસરથી ફરજ મોકુફી હેઠળ મૂક્યાના માન. કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત. |

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૧૧ ફાઈનાન્સ સમિતિની તા.૨૫/૦૨/૨૦૧૯ નાં રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ મંજૂર
હિસાબ કરવા બાબત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, અનુસ્નાતક ભવનો, ગ્રંથાલય, આરોગ્ય કેન્દ્ર વગેરેનાં નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના પુનઃનિર્મિત અંદાજો તથા વર્ષ ૨૦૧૯-૨૦ નાં વર્ષનું અંદાજપત્ર તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો વર્ષ ૨૦૧૭-૧૮નો વાર્ષિક હિસાબ મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૨૫/૦૨/૨૦૧૯ની સભાની ભલામણો નીચે મુજબના સુધારા સાથે મંજૂર કરવી તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, અનુસ્નાતક ભવનો, ગ્રંથાલય, આરોગ્ય કેન્દ્ર વગેરેના નાણાકિય વર્ષ ૨૦૧૮-૧૯નાં પુનઃનિર્મિત અંદાજો તથા નાણાકિય વર્ષ ૨૦૧૯-૨૦નું અંદાજપત્ર સુધારા વધારા સાથે મંજૂર કરવા તથા નાણાકિય વર્ષ ૨૦૧૭-૧૮નાં વાર્ષિક હિસાબો મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.**

ઠરાવ ક્રમાંક : ૦૭ (સુધારેલ ઠરાવ)

**"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી એક્ટ અને સ્ટેચ્યુટની જોગવાઈ અનુસાર માન.કુલપતિશ્રીની કોઇપણ કારણો સબબની અનુપસ્થિતિમાં કુલનાયકશ્રીએ કુલપતિશ્રીના પદની જવાબદારી નિભાવવાની રહે છે. આ સંજોગોમાં માન.કુલપતિશ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના હોદ્દાને અનુરૂપ રાજ્ય સરકારશ્રીની જોગવાઈ અનુસાર કુલનાયકશ્રી માટે વાહન હોવું જરૂરી છે જે ધ્યાને લઈ માન.ઉપકુલપતિશ્રી માટે Toyota Innova Crysta 2.8 Diesel Z (AT) 7-Seater ખરીદવાનો ખર્ચ રૂ. ૨૬ લાખ સેલ્ફ ફાઈનાન્સ કોર્પસ ફંડમાંથી મંજુર કરવો."**

**(નોંધ : નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯નાં પુનઃનિર્મિત અંદાજો તથા વર્ષ ૨૦૧૯-૨૦નાં વર્ષનું અંદાજપત્ર તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮નાં વાર્ષિક હિસાબની નકલ પરિશિષ્ટ "૦૩" તરીકે આ સાથે સામેલ છે.**

૧૨ આચાર્યશ્રી/સંચાલકશ્રી, નુર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત- જી.એમ. બીલખીયા આર્ટસ કોલેજ,
જોડાણ વંડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી એ વર્ષ: ૨૦૧૮-૧૯ થી ક્રમશઃ કોલેજ બંધ કરવા માટે કરેલ અરજી પર સ્થાનિક તપાસ સમિતિની નિયુક્ત કરવામાં આવેલ,જે અન્વયે વર્ષ:૨૦૧૮-૧૯ થી કોલેજને ક્રમશઃ બંધ કરવાની સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોશ્રી દ્વારા રજૂ થયેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત:
વિનયન વિદ્યાશાખા:-(કાયમી જોડાણ)
બી.એ.(મુખ્ય/ગૌણ)
અંગ્રેજી, ગુજરાતી, મનોવિજ્ઞાન, હિન્દી, સંસ્કૃત

નોંધ:- ૧ વર્ષ:૨૦૧૮-૧૯ થી ક્રમશઃ કોલેજ બંધ કરવા માટેની સંસ્થાની આવેલ અરજી પર તા.૨૫/૦૫/૨૦૧૮ની નોંધ પર સ્થાનિક તપાસ સમિતિની નિયુક્તિ કરવામાં આવેલ.

૨ સ્થાનિક તપાસ સમિતિનાં ત્રણ સભ્યશ્રીનો તા.૩૦/૧૧/૨૦૧૮નો અહેવાલ અત્રે મળેલ છે. ક્રમશઃ ૨૦૧૮-૧૯ થી કોલેજ બંધ કરવાની માંગણી ગ્રાહ્ય રાખવા ભલામણ કરેલ છે.

૩ કોલેજ વર્ષ:૨૦૧૮-૧૯ અને વર્ષ:૨૦૧૯-૨૦ થી ક્રમશઃ તેમજ વર્ષ: ૨૦૨૦-૨૧ થી સંપૂર્ણ પણે કાયમી ધોરણે કોલેજ બંધ કરવાની થાય.

૪ કોલેજમાં વિનિયન વિદ્યાશાખામાં બી.એ.નાં અભ્યાસક્રમ ચાલવવામાં આવે છે અને કોલેજ વર્ષ: ૨૦૧૬ થી કાયમી જોડાણ ધરાવે છે.

૫ કોલેજ વર્ષ: ૨૦૧૭ સુધી પ્રવેશ આપેલ છે તેમજ કોલેજે ૨૦૧૭ માં ૭૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે. સંસ્થા ૨૦૧૮ થી કાયમી ધોરણે કોલેજ બંધ કરવા માંગે છે અને કોલેજ ૨૦૧૮માં કોઈ વિદ્યાર્થી ભરેલ નથી.

**આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી/સંચાલકશ્રી, નુર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત- જી.એમ. બીલખીયા આર્ટસ કોલેજ, વંડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી એ વર્ષ: ૨૦૧૮-૧૯ થી ક્રમશઃ કોલેજ બંધ કરવા માટે કરેલ અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલને ધ્યાને લઈ વર્ષ: ૨૦૧૮-૧૯ થી કોલેજ ક્રમશઃ બંધ કરવી.**

**(નોંધ: ઉપર્યુક્ત કોલેજ બંધ કરવાની અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૦૪" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૩ મહેકમ-બ યુનિવર્સિટીમાં ફરજ બજાવતાં નિવૃત કર્મચારીઓ તથા ટેકનીકલ જેવા અન્ય સ્ટાફ જે આઉટસોર્સિંગમાં હતાં તેઓ તરફથી મહેનતાણું વધારવા માટે આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

**નોંધ** ૧ સિન્ડીકેટની તા.૨૫/૦૬/૨૦૧૮ની સભાના ઠરાવ નં.૩૬ થી રચવામાં આવેલ કમિટીની તા.૨૭/૦૭/૨૦૧૮ના રોજ મળેલ સભાની બેઠકમાં જે ડેપ્યુટી(*Deputee)* ની ઓળખ આપી તેમના મહેનતાણાંના દરોમાં વધારો કરવામાં આવેલ છે, તે તા.૧૧/૦૧/૨૦૧૯ના રોજ મળેલ સિન્ડીકેટની સભાના ઠરાવ નં.૨૭ થી સ્વીકારવામાં આવેલ છે, અને તેનો ખર્ચ સ્વભંડોળમાંથી કરવાનો ઠરાવ થયેલ છે.

૨ કમિટીએ વધુમાં ભલામણ કરેલ છે કે, અન્ય કોઈ કોન્ટ્રાકટ બેઈઝ સહાયક હોય તો તેના ભથ્થામાં ૧૫% નો વધારો કરવો.

ઉકત ભલામણ મુજબ નિવૃત કર્મચારીઓને પણ જે મહેનતાણું મળતું હતુ તેના ઉપર ૧૫% નો વધારો કરીને મહેનતાણાંનુ ચુકવણું કરવામાં આવેલ છે.

૩ ટેકનીકલ જેવા અન્ય સ્ટાફ જે આઉટસોર્સિંગમાં હતા તે પૈકી સિનિયર પ્રોગ્રામર, પ્લેસમેન્ટ ઓફિસર અને સિકયુરીટી ઓફિસરને ૧૫% નો વધારો કરીને મહેનતાણાંનુ ચુકવણું કરવામાં આવેલ છે. અન્યને કમિટીએ ભલામણ કરેલ સ્લેબ મુજબનું મહેનતાણું ચુકવવામાં આવેલ છે.

૪ કમિટીની તા.૨૭/૦૭/૨૦૧૮ની ભલામણો તથા તા.૧૧/૦૧/૨૦૧૯ની સિન્ડીકેટની સભાનો ઠરાવ નં.૨૭ આ સાથે પરિશિષ્ટ તરીકે સામેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં ફરજ બજાવતાં નિવૃત્ત કર્મચારીઓ તથા ટેકનીકલ જેવા અન્ય સ્ટાફ જે આઉટસોર્સિંગ એજન્સીમાં હતાં અને હાલ યુનિવર્સિટીના પ્લેસમેન્ટ સેલમાં ૧૧ માસના કોન્ટ્રાક્ટ બેઈઝ/નિવૃત્ત તરીકે સેવા આપે છે તેવા ડેપ્યુટીઝનું મહેનતાણુ વધારવાની સમિતિ પર સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓની નિયુક્તિ કરવી તેમજ સમિતિનો અહેવાલ સ્વીકારવા માન.કુલપતિશ્રી સત્તા આપવી.**

**(નોંધ: ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૫" તરીકે આ સાથે સામેલ છે)**

૧૪ મહેકમ-બ

નામ.ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ એસ.સી.એ.નં.૧૦૦૨૦/૨૦૧૮, ૧૪૬૯૯/૨૦૧૮, ૧૪૭૦૧/૨૦૧૮, ૧૪૭૦૪/૨૦૧૮, ૧૮૪૨૪/૨૦૧૮ના હિયરીંગ દરમ્યાનના નામ.ગુજરાત હાઈકોર્ટના મૌખિક આદેશ અંગે વિચારણા કરવા બાબત.

**નોંધ :** ૧ નીચેની વ્યક્તિઓએ તેઓને પગાર ધોરણમાં મુકવા અને કાયમી કરવા અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ.દાખલ કરેલ છે.

| ક્રમ | નામ | સ્પે.નં.એ.સી. |
|---|---|---|
| ૧ | શ્રી મહાવીરસિંહ નરપતસિંહ જાડેજા | ૧૦૦૨૦/૨૦૧૮ |
| ૨ | શ્રી હસમુખભાઈ જસમતભાઈ દલસાણીયા | ૧૪૬૯૯/૨૦૧૮ |
| ૩ | શ્રી જયશ્રીબેન બાબુભાઈ સાણંદીયા | ૧૪૭૦૧/૨૦૧૮ |
| ૪ | શ્રી મિતુલભાઈ કનૈયાલાલ ચંડીભમર | ૧૪૭૦૪/૨૦૧૮ |
| ૫ | શ્રી જયેશભાઈ છોટાલાલ ખખ્ખર | ૧૮૪૨૪/૨૦૧૮ |

૨ ઉકત વ્યક્તિઓને એજન્સી દ્વારા સેવામાંથી છુટા કરવામાં આવેલ છે. આ બાબતે યુનિવર્સિટીના એડવોકેટ શ્રી અવિનાશભાઈ ઠક્કરના તા.૦૧/૦૩/૨૦૧૯નાં પત્રમાં જણાવવામાં આવેલ છે કે તા.૦૬/૦૩/૨૦૧૯ સુધીમાં ઉકત પાંચ વ્યક્તિઓને તા.૧૧/૦૧/૨૦૧૯ની સિન્ડીકેટની સભાના ઠરાવ મુજબ જે

મહેનતાણું વધારવામાં આવેલ છે અને આઉટસોર્સિંગ એજન્સીમાંથી કાઢીને તમામને યુનિવર્સિટીના પ્લેસમેન્ટ સેલ દ્વારા સેવાઓ લેવામાં આવે તે મુજબ ઉકત પાંચ વ્યકિતઓને યુનિવર્સિટીની સેવામાં ફરી પાછા આગળના ગેરહાજરીના દિવસોનું પણ મહેનતાણું ચુકવી પાછા સેવામાં લેવા માટે નામ.હાઈકોર્ટમાં વિનંતી કરેલ છે. નામ.હાઈકોર્ટએ સિન્ડીકેટના ઠરાવના અનુસંધાને યોગ્ય વિચારણા અને નિર્ણય લેવા માટે મૌખિક જણાવેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સામે આઉટસોર્સિંગ એજન્સીના સ્ટાફ એ નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષ રેગ્યુલર કર્મચારીને મળતા પગારધોરણમાં સમાવેશ કરવા અને તે મુજબનો પગાર આપવા માંગણી કરેલ છે. આ માંગણીઓ અંગે સભામાં ચર્ચા વિચારણા થતા એવું રેકર્ડ પર આવેલ છે કે, આ સ્ટાફ આઉટસોર્સિંગ એજન્સીના સ્ટાફ હતા. આઉટસોર્સિંગ એજન્સી દ્વારા ક્રમ ૦૧ થી ૦૪ ને તા.૦૨/૧૧/૨૦૧૮ના રોજ થી છુટા કરવામાં આવેલ છે. જયારે ક્રમ ૦૫ ને તા.૨૮/૧૧/૨૦૧૮થી છુટા કરવામાં આવેલ છે. આમ આ સ્ટાફ તે સમયથી આઉટસોર્સિંગ એજન્સી કે યુનિવર્સિટીની સેવામાં નથી, એટલે કે આ સ્ટાફ અને યુનિવર્સિટી વચ્ચે કોઈ "નોકર અને માલિક"ના સબંધો અસ્તિત્વમાં હતા નહિ કે છે નહિ. જેથી આ સ્ટાફને યુનિવર્સિટીમાં સમાવી શકાય નહિ.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના લિગલ કેસો લડવા માટે જાહેરાત આપી એડવોકેટની પેનલ તૈયાર કરવી.**

**(નોંધ: યુનિવર્સિટી એડવોકેટશ્રીના તા.૦૧/૦૩/૨૦૧૯ના પત્રની નકલ આ સાથે પરિશિષ્ટ "૦૬" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૫ બાંધકામ — કેમ્પસ પર એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટની કામગીરીનું નીગ્રોસીએશન બાદનું ટેન્ડર મંજૂર કરવા અંગે.

**કામનું નામ**:-એલ.ઈ.સી. સ્ટ્રીટલાઈટનું કામ

**ખર્ચનો હેડ** :- ખર્ચ રાજ્ય સરકારની વર્ષ ૨૦૧૭-૧૮ બી ગ્રાન્ટ રૂ.૪૮,૦૦,૦૦૦.૦૦ નાં હેડ હેઠળ પાડવાનો રહેશે.

**ટેન્ડરની અંદાજીત રકમ**:- રૂ.૪૭,૫૯,૯૨૩.૦૦

**લોએસ્ટ પાર્ટી** :- મહેશભાઈ મૈત્રા

**નિગોસીએશન બાદ અંદાજીત રકમ કરતા % ઊંચા/નીચા :- ૪૨.૫૬% નીચા**

**નિગોસીએશન બાદ લોએસ્ટ ટેન્ડરની રકમ :- ૨૭,૩૪,૧૦૦.૦૦**

**નોંધ** :- કેમ્પસ પર એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટની કામગીરીનાં ટેન્ડર મંજુરી અર્થે એસ્ટેટ કમિટિની તા.૨૩/૧૦/૨૦૧૮ની આઈટમ નં.૮ થી મુકવામાં આવેલ. એસ્ટેટ કમિટિમાં નીચે મુજબ ઠરાવ થયેલ છે.

**"આથી ઠરાવવામાં આવે છે કે ફસ્ટ લોએસ્ટ પાર્ટી સાથે નીગોશીએશન કરી ટેન્ડર મંજૂર કર્યાની સિન્ડિકેટને ભલામણ કરવાની સત્તા માન.કુલપતિશ્રીને આપવી."**

આ ઠરાવ અન્વયે લોએસ્ટ પાર્ટી શ્રી એમ.એમ.મૈત્રા ને તા.૧૮/૦૨/૨૦૧૯ના રોજ નીગોશીએશન માટે બોલાવવામાં આવેલ નીગોશીએશન દરમ્યાન તેઓનું ટેન્ડર ૪૧.૫૬% નીચુ હતું તેમાં તેઓએ ૧% ઘટાડો કરી કામગીરી ૪૨.૫૬% નીચા ભાવે કરવા સહમતી આપેલ છે. આ મુજબ ટેન્ડરની અંદાજીત રકમ રૂ.૪૭,૫૯,૯૨૩/- નાં ૪૨.૫૬% નીચા કરતા લોએસ્ટ ટેન્ડરની રકમ રૂ.૨૭,૩૪,૧૦૦/- થાય છે. જે ચર્ચા વિચારણા કરી મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસ પર એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટની કામગીરીનું ટેન્ડર નેગોસીએશન બાદ L1 પાર્ટી શ્રી એમ.એમ.મૈત્રાનું રૂ.૨૭,૩૪,૧૦૦/-નું મંજુર કરવું.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ૦૫ લાખ કે તેથી વધુ રકમનું ટેન્ડર હોઈ તો તેવા ટેન્ડરમાં L1 આવેલ પાર્ટી સાથે ફાઈનાન્સ સમિતિ/એસ્ટેટ સમિતિમાં નેગોસીએશન કરવું.**

૧૬ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ગુજરાત બોર્ડ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તેમજ ધો.૧૦ પાસ કર્યા
પરીક્ષા સેલ બાદ આઈ.ટી.આઈ. માન્ય અભ્યાસક્રમો (NCVT) (GCVT) પાસ કરીને સેમેસ્ટર-૧ માં પ્રવેશ મેળવે તેવા વિદ્યાર્થીઓએ પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (પી.ઈ.સી.) મેળવવું આવશ્યક નથી તે સિવાયના જેમકે રાજ્ય બહારના બોર્ડ/ રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી ઓર્ડીનન્સ -૯૦ મુજબ પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓએ પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (પી.ઈ.સી.) મેળવ્યા બાદ જ પ્રવેશપાત્ર બને છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માં અત્રેની યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં રાજ્ય બહારના બોર્ડ/ રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને પી.ઈ.સી. ઇસ્યુ કર્યા બાદ જે તે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવામાં આવેલ છે, પી.ઈ.સી. ઇસ્યુ કરતા સમયે વિદ્યાર્થીઓની માર્કશીટ જે તે બોર્ડ/ જેતે યુનિવર્સિટીની માન્ય વેબસાઈટ પર ચકાસણી કરી જો માર્કશીટ વેરીફીકેશન થયેલ હોય તો ઓરીજીનલ માઈગ્રેશન મેળવી ફાઈનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (એફ.ઈ.સી.) ઇસ્યુ કરવામાં આવે છે જ્યારે જે વિદ્યાર્થીઓની માર્કશીટ જે તે બોર્ડ/ જે તે યુનિવર્સિટીની માન્ય વેબસાઈટ પર વેરીફીકેશન થયેલ ન હોય તેવા વિદ્યાર્થીઓની માર્કશીટ જે તે બોર્ડ/ જે તે યુનિવર્સિટીની વેરીફીકેશન માટેની જે ફી નિયત કરવામાં આવેલ હોય તે ફી વિદ્યાર્થીઓ પાસેથી મેળવી પ્રોસેસિંગ ફી રૂ.૨૦૦/- વિદ્યાર્થી પાસેથી લઈને વેરીફીકેશન કરાવ્યા બાદ જ એફ.ઈ.સી. ઇસ્યુ કરવું તે મુજબ અગાઉ નિર્ણય કરવામાં આવેલ છે.

પરીક્ષા સેલ વિભાગ દ્વારા અગાઉ થયેલ નિર્ણય મુજબ જે વિદ્યાર્થીઓએ પી.ઈ.સી. મેળવેલ હોય તે પૈકીનાં જેટલા વિદ્યાર્થીઓના વેરીફીકેશન કરવાના થાય છે તેની આજદિન સુધીની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| ઇસ્યુ કરેલ પી.ઈ.સી. ની સંખ્યા | ૩૯૬૬ |
| ઇસ્યુ કરેલ પી.ઈ.સી. પૈકી ૨૦૧૮ ની જે તે બોર્ડ/યુનિવર્સિટીની વેબસાઈટ પરથી ઓનલાઈન વેરીફીકેશન થી ગયેલ તેની સંખ્યા | ૨૧૭૪ |
| વેરીફીકેશન બાકી છે તેની સંખ્યા | ૧૭૯૨ |
| વેરીફીકેશન બાકી છે તે બોર્ડ/ યુનિવર્સિટીની સંખ્યા | ૧૨૯ |
| બોર્ડ/યુનિવર્સિટીની સંખ્યા પૈકી જેને વેરીફીકેશનની વિગતની માહિતી મેઈલ/ પત્ર દ્વારા આપેલ છે તેની સંખ્યા | ૧૮ |
| માહિતી બાકી છે તેના બોર્ડ/ યુનિવર્સિટીની સંખ્યા | ૧૧૧ |

ઉકત વિગત પૈકી જે તે બોર્ડ/ યુનિવર્સિટીને વેરીફીકેશન અંગેની ફી અને પ્રોસેસ અંગેની જાણકારી મેળવવા માટે મેઈલ કરવામાં આવેલ તે પૈકીનાં આજદિન સુધી ફક્ત ૧૮ બોર્ડ/ યુનિવર્સિટી દ્વારા જ માહિતી મેઈલ/ પોસ્ટ દ્વારા મોકલવામાં આવેલ છે, હાલમાં સેમેસ્ટર-૧,૩ અને ૫ ની પરીક્ષાઓ લેવાઈ ગયેલ છે તેમજ તેના પરિણામ બહાર પાડવાની કાર્યવાહી ચાલુ હોય તે પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓના વેરીફીકેશન બાકી રહી ગયેલ તેઓની માર્કશીટ (With Eli) હેઠળ અનામત રાખવામાં આવેલ છે.

CBSE દ્વારા NEET ની પરીક્ષામાં જે રીતે કાર્યવાહી સમગ્ર દેશભરમાં થી રહેલ છે તે મુજબ કાર્યવાહી કરીએ તેમજ જે વિદ્યાર્થીઓના વેરીફીકેશન બાકી છે તેઓની પાસેથી રૂ.૨૦/- નાં સ્ટેમ્પ પેપર પર લેખિતમાં બાહેધરી મેળવી તેઓની પાસેથી ઓરીજીનલ માઈગ્રેશન મેળવી ફાઈનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (એફ.ઈ.સી.) ઇસ્યુ કરી જેથી તેઓના અનામત રહેલ પરિણામ જાહેર કરવાની કાર્યવાહી વિદ્યાર્થી દ્વારા પૂરી કરી શકાય.

સબબ, ઉક્ત સમગ્ર વિગત ધ્યાને લઈ વેરીફીકેશન બાકી રહેલ છે તેવા વિદ્યાર્થીઓની પાસેથી નિયત નમુના મુજબનું બાહેધરી પત્રક મેળવી ઓરીજીનલ માઈગ્રેશન વિદ્યાર્થી પાસેથી લઈ ફાઈનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (એફ.ઈ.સી.) ઇસ્યુ કરવાની કાર્યવાહી અંગેની બાબતે વિચારણા કરવા.

**આથી ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓના વેરીફીકેસન બાકી હોઈ તેવા વિદ્યાર્થીઓના વેરીફીકેસન બાબતે વિદ્યાર્થી, સબંધિત સંસ્થાના આચાર્યશ્રીને તાકીદ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે જે બોર્ડ/યુનિવર્સિટી તરફથી વેરીફીકેસન ફી માંગવામાં આવે તે ફી વિદ્યાર્થી પાસેથી વસૂલવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત રજુ કરનાર સબંધિત કર્મચારીઓ/અધિકારીઓને બાબત રજુ કરવા માટે ઠપકો આપવો.**

૧૭ પરીક્ષા બાહ્ય — સીબીસીએસ બાહ્ય અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતાં વિધાર્થીઓની પરીક્ષાના અભ્યાસક્રમમાં કોઇ ફેરફાર ન કરતા ફકત તેઓની પરીક્ષા વાર્ષિક લેવા બાબતે વિચારણા કરવા બાબત.

૧ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિધાનગર દ્વારા બાહ્ય અભયાસક્રમ વાર્ષિક પધ્ધતિ મુજબ લેવાય છે, નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ થી બાહ્ય અભ્યાસક્રમ સંપૂર્ણ બંધ કરેલ છે જેથી આ યુનિવર્સિટીના વિધાર્થીઓનું ભારણ આ યુનિવર્સિટી ઉપર આવેલ છે.

૨ બાહ્ય અભ્યાસક્રમની પરીક્ષાઓ રેગ્યુલર અભ્યાસક્રમના વિધાર્થીઓ સાથે સમાન રીતે **[CBCS]** લેવાય છેતેથી પરીક્ષાઓ લેવા માટે માળખગત સગવડોના પ્રશ્નો સર્જાય છે,અને વિવિધ કોલેજો બાહ્ય પરીક્ષાના વિધાર્થિઓની પરીક્ષાના સંચાલન માટે બેઠક વ્યવસ્થા અપૂરતી હોવાને કારણે લેવાની અસમર્થતા દર્શાવે છે પરીણામે પરીક્ષા સંચાલનમાં મુશકેલીઓ ઉભી થાય છે.

૩ બાહ્ય અભ્યાસક્રમની પરીક્ષા વાર્ષિક ધોરણે લેવામાં આવે તેવા સમયે વિધાર્થીઓને અભ્યાસ માટે પુરતો સમય મળી રહે, અને પરીક્ષાના પરિણામની ટકવારીમાં સુધારો થવાની શક્યતાઓ રહે.

૪ બાહ્ય અભ્યાસક્રમની વાર્ષિક પરીક્ષા લેવામાં આવે તેવા સમયે વિધાર્થીઓને સમયનો બચાવ તથા આર્થિક રીતે ફાયદો થવા પામે તેમ છે.

૫ બાહ્ય અભ્યાસક્રમની વાર્ષિક પરીક્ષા લેવામાં આવે તેવા સમયે યુનિવર્સિટીને સેમેસ્ટરની પરીક્ષા લેવા માટેની તમામ કાર્યવાહી માંથી મુકિત મળે અને તેના કારણે આર્થિક ફાયદો થવા પામે તેમ છે.

આ સાથે સામેલ રાખેલ શ્રી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાએ ઇસ્યુ કરેલ માર્કશીટને ધ્યાને લેતાં તેઓ બાહ્ય અભ્યાસક્રમની પરીક્ષા વાર્ષિક ધોરણે લેવામાં આવે છે તે મુજબ વર્ષ ૨૦૧૯-૨૦નાં વર્ષની લેવી કે કેમ? તે બાબતે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત રદ્દ કરવી.**

૧૮ પરીક્ષા બાહ્ય — સીબીસીએસ બાહ્ય અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતાં સમયે જે વિધાર્થીઓના ઓનલાઈન ફોર્મ વેરીફીકેશન કોઈપણ કારણો સબબ ન થાય તેવા સમયે આ વિધાર્થીઓના રેકર્ડનું વેરીફીકેશન કરવામાં આવે છે જે બાહ્ય પરીક્ષાના કેન્દ્રો ઉપર કરવા બાબત.

૧ બાહ્ય અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા વિધાર્થીઓ ના રેકર્ડનું વેરીફીકેશન ફક્ત એક જ કેન્દ્ર પરીક્ષા વિભાગ દ્વારા કરવામાં આવે છે, વેરીફીકેશન માટેનું એક જ કેન્દ્ર હોવાને કારણે વિધાર્થીઓને આવવા-જવા તથા લોજિંગ વિગેરે જેવા આર્થિક ખર્ચાઓ ભોગવવા પડતા હોય છે.

૨ એક જ સ્થળ ઉપર વેરીફીકેશન કરવામાં આવતું હોવાથી વિધાર્થીઓને રાતના મોડે સુધી યુનિવર્સિટી કેમ્પસ ઉપર રોકાવું પડતું હોય છે, અને મોડે સુધી રોકાવવાને કારણે કર્મચારીઓ સાથે ઘર્ષણ થતું હોય છે, અને આવી બાબતો દૈનિક અખબારોમાં પ્રસિધ્ધ થતી હોવાથી યુનિવર્સિટીની પ્રાથમિક ફરજ બનતી હોવાથી નિવારવા બાબતે કાર્યવાહી કરવી હિતાવહ રહે.

૩ બાહ્ય પરીક્ષાના વિધાર્થીઓની પરીક્ષા (૧) અમરેલી (૨) સુરેન્દ્રનગર (૩) જામનગર (૪) રાજકોટ (૫) મોરબી કેન્દ્રો ઉપરથી લેવામાં આવે છે, હાલમાં બાહ્ય પરીક્ષામાં પ્રવેશ મળેવતા વિધાર્થીઓના રેકર્ડનું વેરીફીકેશન એક જ કેન્દ્રો ઉપરથી કરવામાં આવે છે જેના બદલે ઉપર જણાવેલ પરીક્ષાના પાંચ કેન્દ્ર ઉપરથી કરવામાં આવે તેવા સમયે વિધાર્થીઓની સંખ્યા પાંચ કેન્દ્રોમાં વિભાજીત થઇ જવાને કારણે કાર્યવાહીમાં સરળતા પણ રહે અને જે તે કેન્દ્રના વિધાર્થીઓએ રાજકોટ કેન્દ્ર સુધી આવવા-જવા વિગેરે માંથી મુક્તિ મળતા વિદ્યાર્થીઓનાં હિતની કાર્યવાહી રહે.

ઉપર જણાવ્યા મુજબના પરીક્ષાના પાંચ કેન્દ્રો ઉપરથી વેરીફીકેશન કરવા માટેની કામગીરી માટે ફોર્મ દીઠ મહેનતાણું નક્કી કરવાનું રહે, અને જે મહેનતાણું નક્કી કરવામાં આવે તેટલી રકમ યુનિવર્સિટીએ ભોગવવી કે ફી માં તેટલી રકમ વધારવી તે બાબત અંગે વિચારણા કરવાની રહે.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબત રદ્દ કરવી.**

૧૯ ફાઈનાન્સ કમિટિની તા.૦૭/૦૩/૨૦૧૯ નાં રોજ મળેલ ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર
હિસાબ કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે તા.૦૭/૦૩/૨૦૧૯ નાં રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર કરવી.**

**(નોંધ : ફાઈનાન્સ કમિટિની તા.૦૭/૦૩/૨૦૧૯નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૭" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૦ દેશ કાજે શહીદી વહોરનાર લશ્કરી, અર્ધ લશ્કરીદળોનાં શહીદોના સંતાનો યુનિવર્સિટી સ્થિત
શા.શિ. ભવનોમાં કાઉન્સિલ સિવાયના અભ્યાસક્રમ, મધ્યસ્થ પ્રવેશ સમિતિ સિવાયનાં અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તો તેવા વિદ્યાર્થીઓને ટ્યુશન ફી, લાઈબ્રેરી ફી માંથી મુક્તિ આપવા વિચારણા થવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે લશ્કરી, અર્ધ લશ્કરી દળોમાં ફરજ બજાવતા સૈનિકો દેશકાજે શહીદી વહોરે તેવા કિસ્સામાં તેમના સંતાનોને યુનિવર્સિટી સ્થિત ભવનોમાં ટ્યુશન ફી, લાઈબ્રેરી ફી તેમજ હોસ્ટેલ ફીમાંથી મુક્તિ આપવી.**

૨૧ પરીક્ષા — યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી જુદી-જુદી પરીક્ષાના સંચાલન માટે સામેલ પત્રકમાં દર્શાવેલ સુપરવિઝન, પેપર સેટિંગ તથા ઉત્તરવહીના મૂલ્યાંકનના મહેનતાણાના દરો વધારવા બાબત સિન્ડિકેટની તા.૨૭/૧૧/૨૦૧૮ની સામાન્ય સભા દ્વારા ધરેલ ચર્ચા-વિચારણાને મંજુર કરવા અંગે.

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી જુદી-જુદી પરીક્ષાઓના સંચાલન માટે સુપરવિઝન, પેપર સેટિંગ તથા ઉત્તરવહીઓના મૂલ્યાંકનના મહેનતાણાના દરો નિયત કરવા બાબતે તા.૦૩/૧૨/૨૦૧૮ના રોજ મળેલ સમિતિની ભલામણ સ્વીકારવી.**

**(નોંધ : તા.૦૩/૧૨/૨૦૧૮ના રોજ મળેલ સમિતિની ભલામણ પરિશિષ્ટ "૦૮" તરીકે આ સાથે સામેલ છે.)**

**અંતમાં અધ્યક્ષશ્રીનો આભાર માની સભાનું કામકાજ પૂર્ણ જાહેર કરવામાં આવ્યું.**

નં.સિન્ડિકેટ/૧૦૨/૨૦૧૯
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫
તા.૦૯/૦૩/૨૦૧૯

કુલસચિવ

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ...

**નકલ રવાના**::--

૧. માન.કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
૨. એકેડેમિક ઓફિસરશ્રી.
૩. પરીક્ષા નિયામકશ્રી.
૪. દરેક વિભાગના વડાઓ (જરૂરી કાર્યવાહી અર્થે)